# ચિરાગે હિદાયત



## આ અઠવાડિયાની મુનાસેબત

૩ જ.સાની – શહાદતે જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.) (બીજી રિવાયત મુજબ)

# જનાબે ફાતેમા(સ.અ.)ની ખુશનુદી

અલ્લાહ તઆલા અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પાસે જનાબે ફાતેમા(સ.અ.)નું વ્યક્તિત્વ, દરજ્જો, મરતબો અને મકામ એટલું બુલંદ છે કે જેનું વર્ણન અસંખ્ય હદીસો શીઆ અને સુન્ની કિતાબોમાં જોવા મળે છે. એમાંની જ અઝીમુશ્શાન હદીસમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે :

**''ઈન્નલ્લાહ યગઝેબો લેગઝબે ફાતેમત વયરઝા લેરેઝાહા.''**

''બેશક અલ્લાહ જનાબે ફાતેમા(સ.અ.)ની નારાઝગીથી નારાઝ થાય છે અને તેમની ખુશનુદીથી ખુશ થાય છે.'' *(અલ મુસ્તદરક : ૩/૧૫૮, અલ એસાબહ : ૮/૨૬૬, તેહઝીબુત્તેહઝીબ : ૧૨/૩૯૨, કન્ઝુલ ઉમ્માલ : ૧૨/૧૧૧, ૧૩/૬૭૪)*

* આ જ હદીસને ઈમામ રઝા(અ.સ.)એ ઓયુને અખ્બારે રેઝામાં પણ નકલ કરી છે.

અલી બિન ઉમર બિન અલીએ ફરમાવ્યું કે ઈમામ જાફરે સાદીક(અ.સ.)એ બયાન કર્યુ કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જનાબે ફાતેમા(સ.અ.)ને ફરમાવ્યું **''અય ફાતેમા(સ.અ.)! તમારી નારાઝગી અલ્લાહની નારાઝગી છે અને તમારી ખુશી અલ્લાહની ખુશી છે.''**

આ સાંભળી સન્દલ નામનો રાવી ઈમામ જાફરે સાદીક(અ.સ.)ની ખિદમતમાં આવ્યો અને કહ્યું ''યા અબા અબ્દીલ્લાહ! આજકાલના નવજવાન તમારા તરફ મન્સુબ કરીને એવી હદીસ બયાન કરે છે જે અમને કબૂલ નથી થતી.''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય સન્દલ! તે કઈ હદીસો છે?'' સન્દલે કહ્યું ''તેમાંની એક હદીસ એ છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે જનાબે ફાતેમા(સ.અ.)ની રેઝા અલ્લાહની રેઝા છે.'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય સન્દલ! તો પછી આમાં આશ્ચર્યની શું વાત છે? શું તમે તમારી રિવાયતોમાં આ રિવાયત બયાન નથી કરતા

કે અલ્લાહ તઆલા પોતાના મોઅમીન બંદાની નારાઝગી ઉપર નારાઝ અને તેની ખુશીથી ખુશ થાય છે?'' સન્દલે કહ્યું ''જી, હા.''

તો ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તો પછી જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)ને ઓછામાં ઓછું મોમીના તો જરૂર માનો છો, તો પછી તેમની નારાઝગી અલ્લાહની નારાઝગી છે અને તેમની ખુશી અલ્લાહની ખુશી છે. તેનાથી તમને લોકોને કેમ ઈન્કાર છે?'' સન્દલે કહ્યું કે ''(હવે વાત સમજમાં આવી ગઈ) ખરેખર અલ્લાહ તઆલા પોતાના પયગામને જેને ચાહે છે તેના હવાલે કરે છે. *(આમલીએ શેખ સદુક અ.ર., એહતેજાજે તબરસી)*

અઝીઝો! હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની દુખ્તર કે જેની માટે ખુદ અલ્લાહના રસૂલ(સ.અ.વ.) ફરમાવે છે કે ''ફાતેમા મારા જીગરનો ટુકડો છે.'' તો પછી એ કઈ રીતે શકય છે કે હઝરત રસૂલ(સ.અ.વ.)ના માનવાવાળા જો આપ(સ.અ.વ.)થી સાચી મોહબ્બત કરતા હોત તો રસૂલ(સ.અ.વ.)ના ટુકડાને અઝીય્યત આપે, તેમને નારાજ કરે તેમના એહતેરામને ન જાળવે અને તેમની ઉપર ઝુલ્મ કરે?!

ઈતિહાસ ગવાહ છે કે હઝરત રસૂલ(સ.અ.વ.)ની દુખ્તર ઉપર એવા ઝુલ્મ થયા કે આપ(સ.અ.) એ લોકોથી નારાજ હતા અને એટલે જ બીબી(સ.અ.)એ વસીય્યત કરી હતી કે તેઓને પોતાના જનાઝામાં શરીક થવા ન દે.

અઝીઝો! અલ્લાહ અને રસૂલ(સ.અ.વ.)ની ખુશનુદીને હાંસિલ કરવા માટે જનાબે ફાતેમા(સ.અ.)ની ખુશી શેમાં છે તે જાણવું જરૂરી છે. આવો એક વાકેઓ જોઈએ.

* *અલ્લામા મોહદ્દીસે નુરીનું સ્વપ્નઃ*

સામર્રા શહેરમાં એક દિવસ એક ઉચ્ચ કક્ષાના એક વિદ્વાને ગરમીના દિવસોમાં બપોરના સમયે અલ્લામા મોહદ્દીસે નુરીને બહાર તડકામાં ફરતાં જોયા, તેથી આ વિદ્વાને અલ્લામાને પૂછયું ''આવી ગરમીમાં આપ બહાર કેમ ફરી રહ્યા છો?''

મોહદ્દીસે નુરીએ ફરમાવ્યું ''હું સરદાબમાં સુઇ રહ્યો હતો ત્યારે મેં એક સુંદર સ્વપ્ન જોયું, જેની ખુશીમાં બહાર ચાલ્યો આવ્યો.'' પછી તેઓએ ફરમાવ્યું કે ''મેં મારી મર્હુમ માદરે ગિરામીને સ્વપનમાં જોયા તેઓ મને કહી રહયા છે કે ખુદા તમને દુનિયા અને આખેરતમાં ઈઝ્ઝત આપે, તમે મને સ્ત્રીઓમાં ઈઝ્ઝત આપી છે. મને

એ મરતબો મળ્યો છે કે દરરોજ જનાબે ફાતેમા(સ.અ.)ની ખિદમતમાં હું જાઉં છું તેઓ મને પોતાની નઝદીક બેસાડે છે અને ઉમ્મુલ હુસૈન કહીને સંબોધે છે, તમે જ્યારે કોઈ કિતાબ લખવાનું શરૂ કરો છો તો તેઓ મને તેની જાણ કરે છે, આજે જયારે હું તેમની ખિદમતમાં ગઈ ત્યારે તેમણે મને ખૂબજ વધારે માન આપ્યું અને કહ્યું કે ઉમ્મુલ હુસૈન તમારા પુત્રએ મારા પુત્ર મહદીના બારામાં એક કિતાબ લખવાનું શરૂ કરેલ છે અને તેનું નામ નજમુસ સાકીબ છે અને જનાબે ફાતેમા(સ.અ.)ના નુરાની ચહેરા ઉપર ખુશી છવાઈ ગઈ. *(નજમુસ સાકીબ, હુજ્જતુલ ઈસ્લામ, શેખ ઈસ્માઈલ રજબી (તાબ સરાહ)નું પુસ્તકાલય)*

આ વાકેઆથી સ્પષ્ટ થાય છે કે બીબી ઝહેરા(સ.અ.)ની ખુશનુદીનું કારણ શું છે. તેઓ ચાહે છે કે આપણે દીનનું ઈલ્મ હાંસિલ કરી બીજાને ફાયદો પહોંચાડીએ અને આ કાર્ય જો ફરઝંદે ઝહેરા ઈમામ મહદી(અ.ત.ફ.શ.)થી મનસુબ હોય તો તેઓની ખુશીમાં વધારો થાય છે એટલું જ નહીં તેના કારણે આપણા મરહુમોને પણ એટલો સવાબ મળે છે કે તેમના દરજ્જાઓ બુલંદ થાય છે.

ઈમામ હસન અસ્કરી(અ.સ.) ફરમાવે છે કે જનાબે ફાતેમા (સ.અ.)થી જયારે કોઈ સ્ત્રી મસાએલ પૂછતા તો તેઓ ગમે તેટલો સમય લાગે તેમને મસાએલના જવાબ આપતા અને કહેતા કે મેં મારા બાબાજાન હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી સાંભળ્યું છે તેઓ ફરમાવતા હતા કે ‘‘મારા શિયાઓના આલીમો જયારે કયામતના દિવસે ભેગા થશે તો એમના ઈલ્મની માત્રામાં તેઓએ ફેલાવેલી હિદાયત અને કોશિશો અને દીન ખાતર કરેલ જદ્દો જહેદના પ્રમાણમાં ઉચ્ચ અને કિંમતી લિબાસ સાથે ખૂબજ મોટા પ્રમાણમાં સવાબ ઈનાયત કરશે. તેઓમાંના દરેકે દરેકને નુરના દસ-દસ લાખની સંખ્યામાં હીરા, માણેક મોતી અને યાકૂત અતા કરવામાં આવશે અને પછી એક મુનાદી અવાજ આપશે કે અય તે લોકો જેઓએ આલે મોહમ્મદના યતીમોની સંભાળ લીધી છે, તે સમયમાં કે એમના ઈમામ એમનાથી ગયબતમાં હતા. તેઓ તમારી સારસંભાળ દ્વારા દીનદાર બન્યા, દીન ઉપર બાકી રહ્યા, તમે તેમને જે શિક્ષણ આપ્યું અને દીનદારી બાકી રાખી, જેટલા પ્રમાણમાં તેઓએ તમારા ઈલ્મથી ફાયદો ઉઠાવ્યો છે તેટલા પ્રમાણમાં તેઓને કિમતી લિબાસ અને હોદ્દો આપો.’’

પછી બીબીએ ફરમાવ્યું ‘‘આ છે આખેરતની નેઅમતો જેમાં કોઇ ખામી કે ઐબ નથી હોતા. ભલે પછી દુન્યવી કાર્યો તકલીફ અને મુસીબતથી ભરપુર હોય.’’

*(જનાબે ફાતેમા સ.અ.નું જીવન ચરિત્ર, પેજ નં.૧૭૬)*

અઝીઝો! જનાબે ફાતેમા(સ.અ.) માત્ર સ્ત્રીઓ જ નહી. પરંતુ સ્ત્રી હોય કે પુરૂષ દરેકને માટે તેમનું જીવન, તેમની સીરત, તેમની સબ્ર, તેમનું ઈમાન, તેમની ઝમાનાના ઈમામ પ્રત્યે કોશિશો આપણા માટે નમુનએ અમલ છે અને એટલે જ ઝમાનાના ઈમામ પણ ફરમાવે છે ‘‘**ફી ઈબ્નતે રસૂલિલ્લાહે લી ઉસ્વતુન હસ્નહ.**’’

‘‘હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના દુખ્તર (જનાબે ફાતેમાસ.અ.) મારા માટે શ્રેષ્ઠ નમુનો છે.’’

આ અઝીમુશ્શાન બીબીની શહાદત ઉપર કેમ ગમ ન થાય જયારે કે હઝરત અલી(અ.સ.) જેવા સાબીર ઈમામે મરસીયો પઢયો.

**ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલય્હે રાજેઉન - બેશક આપણે ખુદાના તરફથી છીએ અને બેશક આપણું પાછું ફરવું પણ તેના તરફ જ છે.**

આજ અમાનત પાછી ચાલી ગઈ અને જે વસ્તુ મારી પાસે હતી તે મારાથી લઈ લેવામાં આવી. હવે મારો શોક અને ગમ સદાનો છે, મારી રાતો જાગૃતિમાં બદલાઈ ગઈ, જ્યાં સુધી મને પણ ખુદા તે ઘર સુધી ન પહોંચાડી દે જ્યાં આપ ઠહેર્યા છો.

(અય રસૂલલ્લાહસ.અ.વ.!) નજીકમાં જ આપની નેક દુખ્તર એ હાલતોની ખબર આપશે કે ઉમ્મતે તેમની ઉપર કેવા કેવા ઝુલ્મો કરવામાં એકતા કરી લીધી હતી. આપ તેમનાથી સવિસ્તાર સવાલ કરો અને સંપૂર્ણ વિગત મેળવો.

અફસોસ કે આ બધું તે સમયે થયું છે જ્યારે આપનો કાળ વીતે હજી વાર નહોતી થઈ અને હજી આપની યાદો તાજી હતી. *(નહજૂલ બલાગાહ, ખુત્બા ૨૦૨)*

અય અલ્લાહ જનાબે ફાતેમા(સ.અ.)ના મસાએબનો વાસ્તો ફરઝંદે ઝહેરાના ઝહુરમાં જલ્દી કર.


પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com